**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

' Vraj ', Opp. HDFC Bank,
Beside Chandanbala Tower,
Nr. Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad - 380 007

**અખબારી યાદી**

# દેશમાં સી.બી.આઇ. દ્વારા ત્રણ વર્ષમાં કુલ ૩૦૫૦ કેસો નોંધાયા : ૧૦૬૯ તપાસ હેઠળ

## સાંસદ શ્રી પરિમલભાઇ નથવાણીને કેન્દ્રીય મંત્રીશ્રીનો પ્રત્યુત્તર

**ઓગસ્ટ ૧૩, ૨૦૧૦ :** *કેન્દ્રીય અન્વેષણ શાખા (સી.બી.આઇ.)એ વર્ષ ૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯માં મળીને ત્રણ વર્ષમાં કુલ ૩૦૫૦ કેસો નોંધ્યા; અને જૂન ૨૦૧૦ની સ્થિતિએ ૧૦૬૯ કેસોમાં તપાસ ચાલી રહી હતી. સંસદીય બાબતોના કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી પૃથ્વીરાજ ચૌહાણે રાજ્ય સભાના સાંસદ શ્રી પરિમલભાઇ નથવાણીને રાજ્ય સભામાં એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં આ પ્રણાણે જણાવ્યું.*

*કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રીએ વધુમાં એમ પણ જણાવ્યું કે, વર્ષ ૨૦૦૭માં ૯૪૦, વર્ષ ૨૦૦૮માં ૯૯૧ અને વર્ષ ૨૦૦૯માં ૧૧૧૯ કેસો સી.બી.આઇ.એ નોંધ્યા હતા. સદનમાં આ અંગે અપાયેલી વિસ્તૃત વિગતો પ્રમાણે લાંચ રૂશ્વત વિરોધી વિભાગે વર્ષ ૨૦૦૭માં ૭૧૬, વર્ષ ૨૦૦૮માં ૭૫૨ અને વર્ષ ૨૦૦૯માં ૮૪૦ કેસો નોંધ્યા હતા. ખાસ ગુન્હા અંગેના વિભાગ સ્પેશ્યલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા વર્ષ ૨૦૦૭માં ૧૧૯, વર્ષ ૨૦૦૮માં ૧૦૧ અને વર્ષ ૨૦૦૯માં ૧૨૧ કેસો નોંધાયા હતા. જ્યારે આર્થિક ગુન્હાઓ અંગેના વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૭માં ૧૦૫, વર્ષ ૨૦૦૮માં ૧૩૮ તથા વર્ષ ૨૦૦૯માં ૧૫૮ કેસો નોંધવામાં આવ્યા હતા.*

*મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, સી.બી.આઇ. દ્વારા વર્ષ ૨૦૦૭માં ૬૭૪, વર્ષ ૨૦૦૮માં ૬૪૨ અને વર્ષ ૨૦૦૯માં ૭૯૯ કેસોનો ટ્રાયલના તબક્કે નિકાલ કર્યો હતો. જ્યારે વર્ષ ૨૦૦૭માં ૪૨૬,વર્ષ ૨૦૦૮માં ૩૮૨ અને વર્ષ ૨૦૦૯માં ૪૩૫ કેસોમાં આરોપીઓને દોષીત જાહેર કર્યા હતા. મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે રાજ્યવાર આંકડા તથા ખર્ચના આંકડા રાખવામાં આવતા નથી.*

★ ★ ★